सत्यमेव जयते

ક્રમાંક : જીસીઈઆરટી/વિજ્ઞાન/૨૦૧૧/ 14965 - 14990
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (૦૭૯) ૨૩૨૫૬૮૧૩-૩૯
નિયામક : (૦૭૯) ૨૩૨૫૬૮૦૮
સચિવ : (૦૭૯) ૨૩૨૫૬૮૧૩
ફેક્સ : (૦૭૯) ૨૩૨૫૬૮૧૨
ઈ-મેઈલ : gcert_21@yahoo.com
Web : : www.gcert.gujarat.gov.in
તારીખ : 27 - 07 - 2011

**પ્રતિ,**

પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ.
શાસનાધિકારીશ્રી, મ્યુનિસિપલ સ્કુલ બોર્ડ, તમામ.
શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, તમામ.
આચાર્યશ્રી, અધ્યાપન મંદિર, તમામ.
આચાર્યશ્રી,માધ્યમિક તથા ઉચ્ચ. માધ્યમિક શાળાઓ, તમામ.
આચાર્યશ્રી, પ્રાથમિક શાળાઓ, તમામ.

**વિષય : વિજ્ઞાન ગણિત પ્રદર્શન - 2011 આયોજન બાબત**
**સંદર્ભ : NCERT, નવી દિલ્હીનો** પત્ર તા. 11/07/2011

માનવસમાજના વિકાસમાં, માનવ જીવનને ગુણવત્તા સભર બનાવવામાં વિજ્ઞાન અને ટેકનોલોજીની ભૂમિકા શિક્ષકો-બાળકો અને તેમના માધ્યમ દ્વારા સમાજ સુધી પહોંચે એ ખુબ જ જરૂરી છે. માનવી એક સામાજીક પ્રાણી છે. તથા પર્યાવરણના ઘટકો ઉપરાંત વિવિધ સામાજીક પરિબળો પણ માનવીને અસર કરે છે. આ પરિબળો માનવીની જીવનશૈલી, તેની પર્યાવરણ પર અસર અને તે માટે થતા કુદરતી સ્ત્રોતના ઉપયોગનું નિયમન કરે છે. જ્ઞાનવિજ્ઞાન, એની સર્વ પ્રવૃતિઓ અને પ્રગતિનું ઉચ્ચ લક્ષ્ય માનવી અને એની સુખાકારી છે. વિજ્ઞાનના જીવનઉપયોગી પ્રાગતિક અમલને કારણે માનવી પોતાનો વિકાસ કરી શકયો છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસના કારણે અનેક કુદરતી બળોને માનવીએ નાથ્યા છે. આમ છતા કુદરત આગળ અનેકવાર એણે લાચારી અનુભવી છે.

ટેકનોલોજીકલ પ્રગતિ જે ટેકનોક્રેટિક સમાજને જન્મ આપે છે તે સમાજે પણ આખરે તો કુદરતજન્ય તત્વો ને પેદાશો પર આધાર રાખવાનો છે. એટલે એ તત્વો અને જીવોની દૂનિયાને રક્ષવી પડશે. અને એ વિજ્ઞાનની ફરજ રહેશે. બાલ્યવસ્થામાં જે મનોવલણો કેળવાય છે તે જીવનપર્યંત દ્રઢ બની રહે છે. આપણા બાળકોમાં વૈજ્ઞાનિક મનોવલણો કેળવાય એ આજના શિક્ષણની તથા સમાજની જવલંત માગ છે. આ સંદર્ભે આપણા રાજયના વિજ્ઞાન ગણિત વિષયમાં વિશિષ્ટ પ્રતિભા ધરાવતા બાળ વૈજ્ઞાનિકો વિજ્ઞાન ગણિત પ્રદર્શનમાં ભાગ લઇ રાષ્ટ્ર કક્ષા સુધી ગુજરાતના નામને રોશન કરે તેવી શુભ ભાવના સાથે આપણે સૌ સહભાગી થઇ વિવિધ કક્ષાએ સફળ રીતે આ પ્રદર્શનો યોજાય તે માટે આપણી કક્ષાએ પ્રયત્ન હાથ ધરીએ છે. શાળા સ્તરે યોજાતી આ પ્રકારની પ્રવૃતિઓ આવતી કાલના નાગરીકોને પોતાની જવાબદારી સંભાળી શકે એવા બનાવવામાં મહત્વનો ફાળો આપી શકે છે.

આ વર્ષના વિજ્ઞાન ગણિત પ્રદર્શન માટેનો મુખ્ય વિષય" **વિજ્ઞાન, સમાજ અને પર્યાવરણ "** છે. જેને **૫ પેટા** વિભાગોમાં (ખેતી અને ખાદ્ય સુરક્ષા, ઉર્જા - સંશાધનો અને સંરક્ષણ, સ્વાસ્થય, પર્યાવરણની સમસ્યાઓ અને ચિંતાઓ, રોજીંદુ જીવન અને ગણિત/આપત્તિ વ્યવસ્થાપન ) વિભાજીત કરવામાં આવેલ છે. આ વિષયો ઉપરાંત આ વર્ષે **કુપોષણ નિવારણ માટેના ઉપાયો** અંગે પણ એક વિભાગ રાખવામાં આવેલ છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે શિક્ષકો તથા બાળકો વિવિધ પરિસ્થિતિઓમાં અને ખાસ કરીને જીવનની ગુણવત્તા ઉંચી લાવવામાં અને સાતત્યપૂર્ણ ટકાઉ વિકાસ માટેના માનવીના પ્રયત્નોને વિજ્ઞાન અને ટેકનોલોજી દ્વારા કેવી રીતે વધુ અસરકારક બનાવી

શકાય એ છે. આખરે તો આ દૂનિયા ઉપર માનવી અને કુદરતે એકબીજા સાથે સુમેળથી રહેવાનું છે. આ સુમેળ સાધવામાં માનવીએ પોતાની અગત્યની ભુમિકા અદા કરવાની છે.

વર્ષ ૨૦૧૧માં પણ સીઆરસી કક્ષાએ, તાલુકા કક્ષાએ, એસવીએસ અને જિલ્લા કક્ષાએ વિજ્ઞાન ગણિત પ્રદર્શન યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ સાથે સામેલ રૂપરેખા પ્રમાણે આ પ્રદર્શનનું આયોજન કરવા આજ્ઞાનુસાર વિનંતિ. વિગતવાર માહિતી જીવન શિક્ષણ, માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ અને જીસીઇઆરટીની વેબસાઇટ પર મુકવામાં આવેલ છે.

## કાર્યક્રમની રૂપરેખા :

| પ્રદર્શનની કક્ષા | કોણ ભાગ લઈ શકશે | સમય મર્યાદા | કયા મહિનામાં યોજીશું |
|---|---|---|---|
| સીઆરસી કક્ષા (કોર્પોરેશન સહિત) | સીઆરસી/ કોર્પોરેશનમાં સમાવિષ્ટ પ્રાથમિક શાળાઓ | 1 દિવસ | ઓગસ્ટ 2011 |
| તાલુકા કક્ષા | સીઆરસીકક્ષાના પ્રદર્શનમાંથી પસંદ થયેલ શ્રેષ્ઠ કૃતિઓ | 2 દિવસ | ઓગસ્ટ- 2011 |
| સંકુલ કક્ષા | સંકુલમાં સમાવિષ્ટ માધ્યમિક તથા ઉચ્ચ. માધ્યમિક શાળાઓ, | 1 દિવસ | ઓગસ્ટ- 2011 |
| જિલ્લા કક્ષા | ૧. પ્રાથમિક શાળાઓ (કોર્પોરેશન) ( સીઆરસી કક્ષાના પ્રદર્શનમાંથી પસંદ થયેલ શ્રેષ્ઠ કૃતિઓ ) | 2 દિવસ | સપ્ટેમ્બર- 2011 |
| | ૨. પ્રાથમિક શાળાઓ( જિ.પં) ( તાલુકા કક્ષાએ પસંદ થયેલ શ્રેષ્ઠ કૃતિઓ )<br>૩. માધ્યમિક તથા ઉચ્ચ. માધ્યમિક શાળાઓ, ( સંકુલ કક્ષાએ પસંદ થયેલ શ્રેષ્ઠ કૃતિઓ ) | 3 દિવસ | સપ્ટેમ્બર- 2011 |
| ઝોન કક્ષા- PTC | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તથા અધ્યાપન મંદિરો માટે | 2 દિવસ | સપ્ટેમ્બર - 2011 |
| રાજ્ય કક્ષા | જિલ્લા કક્ષાએ પસંદ થયેલ શ્રેષ્ઠ તમામ કૃતિઓ | 3 દિવસ | ઓકટોબર/નવેમ્બર- 2011 |

( આ સાથે આયોજન અંગેની માર્ગદર્શક બાબતો સામેલ છે.)

**નોંધ પર માન. નિયામકશ્રીની મળેલ મંજુરી અન્વયે.**

રીડર,
વિજ્ઞાન-ગણિત એકમ,
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને
તાલીમ પરિષદ, ગાંધીનગર.

**નકલ સવિનય રવાના જાણ સારુ :**

- અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર
- શિક્ષણ સચિવશ્રી( પ્રા.શિ.), શિક્ષણ વિભાગ, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન અને શાળાઓ, ગાંધીનગર.
- ચેરમેનશ્રી, ગુ.મા. અને ઉચ્ચ. માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, એસએસએએમ, ગાંધીનગર.
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગાંધીનગર અને જીઆઇઇટી, અમદાવાદ.

## <u>આયોજન અંગે માર્ગદર્શક બાબતો :</u>

- **સીઆરસી કક્ષા અને એસવીએસ કક્ષાના વિજ્ઞાન પ્રદર્શન માં 100 ટકા શાળાઓ ભાગ લે એ પ્રકારનું આયોજન ડીપીઇઓ / ડીઇઓ સાથે સંકલન કરી કરવું.**
- આ પ્રદર્શનને સફળ બનાવવા જિલ્લા કક્ષાએ સંકલન સમિતિની રચના કરવી જેમાં પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જિલ્લા શિક્ષણાધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને શાસનાધિકારીએ એકબીજાના સંકલનમાં રહી આયોજન અને અમલીકરણ કરવું. આયોજન અને અમલીકરણ સંદર્ભે સંકલન સમિતિનો નિર્ણય માન્ય રાખવામાં આવશે.
- વિજ્ઞાન ગણિત પ્રદર્શનમાંથી સ્પર્ધાના તત્વને દૂર કરવું, અર્થાત નંબર આપવાનો રહેતો નથી.( નંબર આપવાથી નંબર મેળવનાર પ્રોત્સાહિત થાય છે પણ સામા પક્ષે ભાગ લેનાર તમામ હતોત્સાહિત થાય છે. તમામને પ્રોત્સાહન રૂપે સ્મૃતિ ચિહન અથવા પુસ્તક આપી શકાય.)
- નિર્ણાયકો / મૂલ્યાંકનકારોની પેનલે એનસીઇઆરટી દ્વારા નક્કી કરેલા ધોરણો મુજબ જે તે વિભાગની પસંદ થયેલ શ્રેષ્ઠ કૃતિઓને ઉપલી કક્ષાએ યોજાનાર ક્રમિક પ્રદર્શનમાં ભાગ લેવા માટે આમંત્રિત કરવાની રહેશે.
- પ્રદર્શનના મૂલ્યાંકન માટે સંકલન સમિતિની મંજુરી સાથે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન / સાયન્સ કોલેજ/ અધ્યાપન મંદિર/ વિજ્ઞાન અંગે કાર્ય કરતી સંસ્થાના વ્યાખ્યાતાઓને આમંત્રિત કરવા.
- જિલ્લા કક્ષાના પ્રદર્શનમાં વિજ્ઞાન અને ટેકનોલોજી સાથે સંકળાયેલ સંસ્થાને પોતાનો સ્ટોલ ઉભો કરવા આમંત્રણ આપવું.
- **આ પ્રદર્શન માટેની ગ્રાંટ જે તે જિલ્લાના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્યના હવાલે મુકવામાં આવે છે.** પ્રદર્શન અંગે વધુ માહિતી અને માર્ગદર્શન આપને જિલ્લાના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ખાતેથી મળી શકશે.
- **આપને ફાળવવામાં આવેલ ગ્રાંટમાંથી સરકારી નિયમોનુસાર અલગ અલગ હેડ હેઠળ ખર્ચ કરી શકાશે,** જેમાં આમંત્રણ કાર્ડ, ઓળખપત્ર, ભોજનપાસ, પ્રમાણપત્ર, સ્ટેશનરી, મંડપ, સાઉન્ડ સીસ્ટમ, મહેમાનોની સરભરા, ચા નાસ્તો / ભોજન, પ્રાથમિક શાળાઓના શિક્ષકો અને વિદ્યાર્થીઓના ટી.એ ( જિલ્લા કક્ષા) , નિર્ણાયકોને ટી.એ( સરકારશ્રીના નિયમનુસાર) અને માનદ વેતન ( એક દિવસના રૂા. ૨૦૦/- **જિલ્લા કક્ષાએ**), ફોટોગ્રાફી / વીડિઓ શુંટીગ, પ્રોત્સાહક ઇનામો, સાંસ્કૃતિક કાર્યક્રમ( જિલ્લા કક્ષા- શકય હોય તો લોક સહયોગ દ્વારા ) તથા અન્ય આનુસંગિક ખર્ચનો સમાવેશ કરવામાં આવેલ છે.
- સીઆરસી/બીઆરસી અને એસવીએસ કક્ષાના પ્રદર્શનોના આયોજન અને અમલીકરણ સમયે તાલુકા લાયઝને સંકલનકાર તરીકે કામગીરી કરવાની રહેશે. સાથે વિજ્ઞાન-ગણિત વિષયના નવનિયુકત અધ્યાપકોને પણ આ કામગીરીમાં સામેલ કરવા વિનંતિ.
- તાલુકા કક્ષાના વિજ્ઞાન પ્રદર્શનમાં પ્રથમ દિવસે સ્ટોલ ગોઠવણી અને પ્રદર્શનને ખુલ્લું મુકવાનું રહશે. બીજા દિવસે પ્રદર્શન સવારના 9-00 કલાકથી સાંજના 4-00 કલાક સુધી શાળાઓ તથા જાહેર જનતા માટે ખુલ્લું મુકવાનું રહશે.
- ભાગ લેનાર બાળકોમાં સ્વાસ્થ્ય અને સ્વચ્છતા સંદર્ભે જાગૃતતા કેળવાય એ હેતુસર સીઆરસી કક્ષાએ, તાલુકા કક્ષાએ અને જિલ્લા કક્ષાએ જરૂરી વ્યવસ્થા કરવી.
- માહિતી પત્રકોમાં કોઇ ફેરફાર કરવામાં આવેલ નથી. જિલ્લા કક્ષાના પ્રદર્શનમાં પસંદ થયેલ કૃતિઓ માટે એપ્રાઇઝલ ફોર્મ નો નમુનો હવે પછી ઇ મેઇલ દ્વારા મોકલવામાં આવશે.
- જિલ્લા કક્ષાના પ્રદર્શન પૂર્ણ થયેથી જિલ્લા કક્ષાએ પસંદ થયેલ કૃતિઓના વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે સેમીનારનું આયોજન કરી જરૂરી સુધારા વધારા સાથે રાજય કક્ષાએ મોકલવાની રહેશે. આ સમયે તેમના દ્વારા ભરવામાં આવેલ એપ્રાઇઝલ ફોર્મ( ગુજરાતી અને અંગ્રેજી)ની વિગતો આપની કક્ષાએ ચકાસણી કરવી.
- શાળાઓ તથા જાહેર જનતા પ્રદર્શનનો વધુ લાભ લઇ શકે એ હેતુસર ઉદઘાટન જેવા કાર્યક્રમમાં વધુ સમય ન વ્યતિત થાય એ ઇચ્છનીય છે. અને ઉદઘાટન વિશિષ્ટ સિધ્ધિ મેળવનાર વિદ્યાર્થી/ શિક્ષક/વ્યકિત દ્વારા કરવામાં આવે એ અપેક્ષિત છે.
- આ વર્ષે જિલ્લાની જે શાળાઓને ઇન્સ્પાયર એવોર્ડ મળેલ છે. આ તમામ શાળાઓ પ્રદર્શનમાં ફરજીયાત ભાગ લે એવું આયોજન આપની કક્ષાએ અન્ય અધિકારીશ્રીઓના સંકલનમાં રહી કરવું. સીઆરસી/એસવીએસ કક્ષાએથી જિલ્લા કક્ષા સુધીના પ્રદર્શનમાં ભાગ લીધેલ એવોર્ડ મેળવનાર શાળાઓની વિગતની નોંધ રાખવા આથી જણાવવામાં આવે છે. જિલ્લાકક્ષાના વિજ્ઞાન પ્રદર્શનોમાં જે પ્રાથમિક શાળાઓને આ એવોર્ડ મળેલ છે તેમને ટીએ ચુકવવાનું રહેતુ નથી.
- શાળાઓના વિભાગમાં પણ આ વર્ષથી ફેરફાર કરવામાં આવેલ છે. જેમાં જિલ્લા કક્ષા સુધીના પ્રદર્શનમાં કોઇ ફેરફાર નથી. પરંતુ જિલ્લા કક્ષાએથી રાજય કક્ષા માટે પસંદ કરવામાં આવનાર મોડેલ્સમાં માધ્યમિક અને ઉચ્ચ.માધ્યમિક પૈકી શ્રેષ્ઠ એક મોડેલ્સને રાજય કક્ષાએ મોકલવાનું રહેશે.
- વર્ષ 2011ને આંતરરાષ્ટ્રીય રસાયણવિજ્ઞાન વર્ષ તરીકેની ઉજવણી કરવામાં આવી રહી છે. આ સંદર્ભે જિલ્લા કક્ષાના વિજ્ઞાન પ્રદર્શનના આયોજન સમયે આ વિષયના વકતાને આંમત્રિત કરી પાર્ટીસીપન્ટ સાથે ગોષ્ઠિ કરવામાં આવે એ પ્રકારનું આયોજન આપની કક્ષાએ કરવું.

**આ વિજ્ઞાન ગણિત પ્રદર્શનમાં ભાગ લઇ રાજય કક્ષા તથા રાષ્ટ્ર કક્ષા સુધી ઉત્તમ પ્રદર્શન કરી શકો તેવી શુભકામના સાથે..................**